# યુગ યજ્ઞ પદ્ધતિ



શ્રીરામ શર્મા આચાર્ય



# યુગ-યજ્ઞ પદ્ધતિ

## વિષય પ્રવેશ

યુગ નિર્માણ યોજના હેઠળ સદ્ભાવ તથા સદ્વિચાર સંવર્ધન માટે ગાયત્રી સાધના તથા સત્કર્મના વિકાસ-વિસ્તાર માટે યજ્ઞને આધાર બનાવી, પરમ પૂજ્ય ગુરુદેવના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ એક જન અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. દૈવી અનુશાસન તથા નિર્દેશોનું પૂરી તત્પરતા તથા નિષ્ઠાથી પાલન થવાથી આ અભિયાન દૈવી સંરક્ષણમાં આશ્ચર્યજનક ગતિથી આગળ વધતુ ગયું.

સમયની માંગને ધ્યાનમાં રાખીને યજ્ઞ વિધિને વધારે સરળ તથા વ્યાપક બનાવવા માટે અનેક પગલાં ભરવામાં આવ્યાં, જેના ફળસ્વરૂપે જન-જીવનમાં યજ્ઞીય ભાવના પેદા કરવામાં સારી એવી સફળતા મળી. આ ક્રમમાં દીપ યજ્ઞો શરૂ થયા, જે ઘણા પ્રભાવશાળી તથા લોકપ્રિય સાબિત થયા. તેમાં ઓછા સમય, શ્રમ તથા સાધનોથી પણ ઘણી મોટી સંખ્યામાં લોકો યજ્ઞીય જીવન પદ્ધતિ સાથે જોડાવા લાગ્યા. દીપ-યજ્ઞોમાં વર્ગ-ભેદ જેવી કોઇ મુશ્કેલી નડતી નથી. દીવો, અગરબત્તી બધાં જ ધાર્મિક સ્થળોમાં પ્રજવલિત થાય છે, તેથી એ આધાર પર બધા જ વર્ગના લોકો કોઇ પણ પ્રકારના શરમ-સંકોચ વગર દીપયજ્ઞોમાં ભાગ લેતા રહે છે.

કુંડવાળા યજ્ઞ લાંબો સમય ચાલે છે. શ્રદ્ધાળુ લોકો કોઇ એક પારીમાં ભાગ લઇ ચાલ્યા જાય છે, જેથી યજ્ઞની શરૂઆત અને પૂર્ણાહુતિથી સંબંધિત પ્રેરણાઓનો તેમને લાભ મળતો નથી. દીપયજ્ઞની વિધિ લગભગ દોઢ કલાકમાં પૂરી

થઇ જાય છે, તેથી શરૂઆતથી અંત સુધી બધા હાજર રહે છે અને યજ્ઞીય દર્શન તથા ઊર્જાનો પૂરેપૂરો લાભ ઉઠાવે છે.

આ અભિયાનને યુગ યજ્ઞ પદ્ધતિથી થોડી વધારે ગતિ મળી. યુગ યજ્ઞ પદ્ધતિમાં શ્લોકોની જગ્યાએ સંસ્કૃત સૂત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો. શાસ્ત્રોની રચનામાં શ્લોક પદ્ધતિ અને સૂત્ર પદ્ધતિ બંનેનો ઉપયોગ થયો છે. યોગદર્શન, બ્રહ્મસૂત્ર વગેરે ગ્રંથ શ્લોક પદ્ધતિમાં નહિ, સૂત્ર પદ્ધતિમાં જ છે. સમયની માંગને અનુરૂપ યુગ યજ્ઞ પદ્ધતિ સૂત્ર પ્રધાન છે. સમજવા, બોલવામાં સરળ હોવાના કારણે આ પદ્ધતિ દેશ-વિદેશમાં બહુ લોકપ્રિય સાબિત થઈ. પરિજનોએ આગ્રહ કર્યો કે આ પદ્ધતિને પહેલાં છપાએલ પદ્ધતિઓની જેમ ભાવનાઓ-પ્રેરણાઓ તથા ક્રિયા નિર્દેશોની ટીકા સહિત છાપવામાં આવે, જેથી યજ્ઞ કરાવનારાઓને વધારે સુગમતા તથા કરનારાઓને વધારે પ્રેરણાનો લાભ મળી શકે.

આ પુસ્તિકા આ જ જરૂરિયાતની પૂર્તિ માટે પ્રકાશિત કરવામાં આવી છે. પુસ્તિકાના પ્રેરણા પ્રકરણમાં દર્શન તથા મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. તેનો સારાંશ સમય અને સમુદાયના સ્તરના અનુસાર સુગમ ભાષામાં સમજાવી શકાય છે. ક્રિયા અને ભાવના સંબંધી નિર્દેશોનો ઉપયોગ વિવેક પૂર્વક કરી જન-જનને યજ્ઞીય જીવન પ્રક્રિયા સાથે જોડી શકાય છે.

✿✿✿

# પૂર્વ વ્યવસ્થા

**દી**પયજ્ઞ માટે શ્રદ્ધાળુ યાજકોને તૈયાર કરવામાં આવે. એમને સમજાવવામાં આવે કે સમસ્યાઓનાં વિનાશકારી વાદળોને દૂર કરવા માટે, ઉજજવળ ભવિષ્યની રચના માટે સ્થૂળ પ્રયાસોની સાથે સાથે આધ્યાત્મિક-ભાવનાત્મક પુરુષાર્થ પણ જરૂરી છે. દરેક ધર્મોમાં સામૂહિક પ્રાર્થના, સામૂહિક સાધનાત્મક પ્રયોગોને વધારે પ્રભાવશાળી માનવામાં આવ્યા છે. મનુષ્યને વિનાશથી બચાવી ઉજજવળ ભવિષ્ય તરફ લઇ જવા માટે ઇશ્વરીય સંકલ્પ ઉતર્યો છે. પોતાની આત્મચેતના, ભાવના, વિચારણા અને કાર્યકુશ-ળતાને ઇશ્વરીય પ્રયોજન સાથે જોડવા માટે જ દીપયજ્ઞનો સામૂહિક-આધ્યાત્મિક પ્રયોગ કરવામાં આવે છે. દરેક ભાવનાશીલ, વિચારશીલ, જનહિત ઇચ્છનારાઓએ દીપયજ્ઞમાં ભાવનાપૂર્વક ભાગ લેવો જોઇએ.

દીપયજ્ઞની વિશાળતા અથવા સફળતાનું મૂલ્યાંકન દીપકોની સંખ્યાથી નહિ, પરંતુ ભગવાન સાથે ભાગીદારીની ભાવનાથી જોડાયેલ યાજકોની સંખ્યાના આધાર પર કરવું જોઇએ. વ્યક્તિગત સંપર્ક કરી દરેક સ્ત્રી-પુરુષોને યજ્ઞનો ઉદ્દેશ્ય સમજાવી, એમની ભાવનાઓ જગાડી યજ્ઞમાં ભાગ લેવા માટે પ્રેરિત કરવાં જોઇએ. નાના કાર્યક્રમોમાં તો થોડી ચર્ચા કરી લેવાથી કામ ચાલી જાય છે, પરંતુ મોટા કાર્યક્રમોમાં પોતાનો ઉદ્દેશ્ય પ્રકટ કરતી પ્રચાર સામગ્રી છપાવી વહેંચવી જોઇએ. યાજક સંકલ્પ પત્ર ભરાવવાની વ્યવસ્થા કરવી જોઇએ, જેથી સંકલ્પ પત્રોના આધાર પર બાદમાં એમનો સંપર્ક કરી એમને સક્રિય બનાવી શકાય.

આયોજનની સફળતા માટે વિશેષ જપ, ગાયત્રી મંત્રલેખન, ચાલીસા પાઠ વગેરે કરવું જોઇએ. તેનાથી ભાવનાત્મક

એકતા વધે છે. આત્મવિકાસ અને આત્મ પરિષ્કારના લાભ તો એટલા વ્યાપક છે કે કાલાન્તરમાં લોકો તેનાથી પોતાને ધન્ય થયેલ અનુભવે છે.

દીપયજ્ઞ ઘરથી માંડીને નગર તથા ક્ષેત્રીય સ્તર સુધી વિશાળ રૂપમાં કરી શકવાની સુવિધા છે. લોકોમાં ઉત્સાહ હોય, તો દરેક યાજક પોતાની સાથે દીપક તથા અગરબત્તી (સ્ટેન્ડ સહિત) એક થાળીમાં મૂકીને લાવી શકે છે. સાથે કંકુ, ચોખા તથા ફૂલ પણ લાવે.

જો આવું સંભવ ન હોય તો આયોજનની વિશાળતાને અનુરૂપ દીપક તથા અગરબત્તી મંચ યા મેજ પર એક સાથે સજાવીને રાખવાની વ્યવસ્થા કરી લેવી જોઇએ. તેમને એ રીતે સજાવવા જોઇએ કે પ્રજ્જવલિત થતાં દરેક લોકો જોઇ શકે.

યજ્ઞમાં ભાગ લેનારાઓની સંખ્યાનુસાર, વ્યવસ્થા માટે સ્વંય સેવક તૈયાર રાખવા જોઇએ. એમને સંચાલકોના નિર્દેશો પ્રમાણે નિશ્ચિત સમયે નિશ્ચિત કામ કરવા માટે પહેલેથી જ સમજાવી દેવું જોઇએ. સિંચન માટે પાત્ર, કંકુ, ચોખા, ફૂલ, નાડાછડી વગેરેની વ્યવસ્થા કરી લેવામાં આવે. તેનો ઉપયોગ ક્યારે અને કેવી રીતે કરવો એ બધું સ્વયં સેવકોને અગાઉથી જ સમજાવી દેવામાં આવે. આવું કરવાથી કર્મકાંડનો પ્રવાહ તૂટતો નથી અને વાતાવરણ વધારે પ્રભાવશાળી બની જાય છે.

શરૂઆતમાં એકાદ કીર્તન યા ગીત કરાવી, વાતાવરણમાં શાંતિ તથા સરસતા પેદા કરી કર્મકાંડ શરૂ કરવો વધારે સારું રહે છે. પ્રેરણાપ્રદ ટીકાઓ, ગીતો, ક્રિયા નિર્દેશો તથા કર્મકાંડ વગેરેનો વિસ્તાર સમય અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વિવેકપૂર્વક કરવામાં આવે. પુસ્તિકામાં જરૂરી સૂત્ર સંકેત આપવામાં આવ્યા છે. સમય અને વાતાવરણને અનુરૂપ તેને ટૂંકાવી યા લંબાવી શકાય છે.

વિવેચન લાંબુ યા નીરસ ન બની જાય તેનું ધ્યાન રાખવામાં આવે.

## ૧–૦ પવિત્રીકરણ

**૧–૧ પ્રેરણા:–** યજ્ઞ શુભકાર્ય છે, દેવકાર્ય છે. યજ્ઞના ઉપયોગમાં આવનારી દરેક વસ્તુ શુદ્ધ અને પવિત્ર રાખવામાં આવે છે. દેવત્વ સાથે જોડાવા માટે, દેવ કાર્ય કરવા યોગ્ય બનાવા માટે આપણે મંત્રો અને પ્રાર્થના દ્વારા ભાવના, વિચાર અને આચરણને પવિત્ર બનાવવાની કામના કરીએ છીએ.

**૧–૨ ક્રિયા અને ભાવના:–** બધા જ લોકો ટટ્ટાર બેસે. બંને હાથ ખોળામાં રાખે. આંખો બંધ કરી ધ્યાન મુદ્રામાં બેસે.

હવે મંત્રો સહિત જળ સિંચન કરવામાં આવશે. સૌ ભાવના કરે કે આપણા પર પવિત્રતાની વર્ષા થઇ રહી છે.

–અમારું શરીર સ્વચ્છ થઇ રહ્યું છે.....આચરણ પવિત્ર થઇ રહ્યું છે.

–અમારું મન સ્વચ્છ થઇ રહ્યું છે....વિચાર પવિત્ર થઇ રહ્યા છે.

–અમારું હૃદય સ્વચ્છ થઇ રહ્યું છે....ભાવનાઓ પવિત્ર થઇ રહી છે.

**૧–૩ (સિંચન કરનારાઓને સિંચન મંત્ર બોલતાં–બોલતાં સિંચન કરવાનું કહેવામાં આવે)**

**ૐ પવિત્રતા મમ મનઃકાય અન્તઃકરણેષુ સંવિશેત્ ।**

(સિંચન પૂરું થતા સુધી મંત્રનું ઉચ્ચારણ ચાલુ રાખવામાં આવે)

૧–૪ ભાવના કરો કે આપણને પવિત્રતાનું અનુદાન મળ્યું, આપણે અંદર–બહારથી પવિત્ર થઇ ગયા. બંને હાથ જોડીને પ્રાર્થના કરો :–

-પવિત્રતા આપણને સન્માર્ગ પર ચલાવે -ૐ પવિત્રત્રા નઃસન્માર્ગ નયેત્ ।
-પવિત્રતા આપણને મહાન બનાવે -ૐ પવિત્રતા નઃમહ્નતાં પ્રયચ્છતુ ।
-પવિત્રતા આપણને શાંતિ આપે -ૐ પવિત્રતા નઃશાંતિ પ્રદદાતુ ।

## ૨–૦ સૂર્ય ધ્યાન પ્રાણાયામ

**૨–૧ પ્રેરણા:-** સૂર્યથી આખા વિશ્વમાં પ્રાણનો સંચાર થતો રહે છે. વૃક્ષ, પશુ–પક્ષી પ્રકૃતિમાંથી બહુ થોડી પ્રાણ શક્તિ ધારણ કરી શકે છે, પરંતુ મનુષ્યમાં એટલી ક્ષમતા છે કે તે ઇચ્છે તો ભાવનાઓને અનુરૂપ વધારે માત્રામાં પ્રાણશક્તિને આકર્ષિત–ધારણ કરી શકે છે. શરીરથી સામાન્ય દેખાતા હોવા છતાં પણ મહાપ્રાણ–મહામાનવોએ અસાધારણ કાર્ય કર્યા છે. આપણે પણ ઉજજવળ ભવિષ્યની દિશામાં આગળ વધવા માટે વિશેષ પ્રાણશક્તિ ધારણ કરવાનો પ્રયોગ કરી રહ્યા છીએ.

**૨–૨ ક્રિયા અને ભાવના:–** કમર સીધી કરી ધ્યાન મુદ્રામાં બેસો. ધ્યાન કરો કે આપણી ચારેયબાજુ સફેદ વાદળોની જેમ દિવ્ય પ્રાણનો સમુદ્ર હિલોળા લઇ રહ્યો છે. આપણે પ્રાર્થના કરીએ છીએ:–

–હે વિશ્વના સ્વામી–હે મહાપ્રાણ ! અમોને બુરાઇઓમાંથી મુક્ત કરીને શ્રેષ્ઠતા તરફ લઇ જાઓ.

**ૐ વિશ્વાની દેવ સવિત: દુરિતાનિ પરાસુવ, યદભદ્રં તન્નSઆસુવ ।**

(આ મંત્ર સૌ બોલી લે પછી પ્રાણાયામ કરવાનું કહેવામાં આવે.) ધીરે ધીરે બંને નાક દ્વારા શ્વાસ ખેંચો, થોડીવાર રોકો અને ધીરે ધીરે છોડી દો, થોડીવાર બહાર રોકો. આ ક્રિયા સાથે ભાવ સંકેત આપતા રહો.)

**ભાવ નિર્દેશ:–** પ્રાણાયામ સાથે ભાવના કરો–

—અમારું શરીર સવિતાનું તેજ શોષી રહ્યું છે, અમારું શરીર પ્રાણવાન બની રહ્યું છે.

—અમારું મન સવિતાનું તેજ શોષી રહ્યું છે, અમારું મન તેજસ્વી થઇ રહ્યું છે.

—આપણે બહાર—અંદરથી તેજમય થઇ ગયા છીએ.

## ૩—૦ તિલક

૩—૧ પ્રેરણા:— તિલક શ્રેષ્ઠને કરવામાં આવે છે. શરીરની બધી જ ક્રિયાઓનું સંચાલન મસ્તકથી થાય છે. શરીર વિચારોથી ચાલનારું યંત્ર છે. વિચારોમાં શ્રેષ્ઠતા—દેવત્વનો સંચાર થતો રહે તો આપણા હાથે સારાં કાર્યો જ થાય છે અને મનુષ્ય ગૌરવ પ્રાપ્ત કરે છે. મસ્તકને દેવત્વનો સ્પર્શ કરાવવા માટે આપણે તિલક કરીએ છીએ.

૩—૨ ક્રિયા અને ભાવના:— દરેક યાજક કંકુ યા ચંદન પોતાની અનામિકા આંગળીમાં લઇ લે. તેને સામે રાખી તેના પર નજર કેન્દ્રિત કરો. પ્રાર્થના કરો કે દેવ શક્તિઓ આ કંકુ યા ચંદનના માધ્યમથી આપણા મસ્તકને સુસંસ્કારિત બનાવે.

—અમારું મસ્તક શાંત રહે. —ૐ મસ્તિષ્કં શાન્તં ભૂયાત્ ।

—તેમાં ખોટો આવેશ આવશે નહિ—ૐ અનચિંતં આવેશં મા ભૂયાત્ ।

—આપણું મસ્તક સદા ઊંચું રહે. —ૐ શીર્ષં ઉન્નતં ભૂયાત્ ।

—તેમાં વિવેક સદા ટકી રહે —ૐ વિવેકં સ્થિરી ભૂયાત્ ।

આ રીતે પ્રાર્થના કર્યા પછી ગાયત્રી મંત્ર બોલતાં—બોલતાં ભાવનાપૂર્વક ચંદન લગાવી લેવામાં આવે.

## ૪—૦ સંકલ્પ સૂત્ર ધારણ

૪—૧ પ્રેરણા:— પૂજ્ય ગુરુદેવનું કથન છે "મનુષ્ય

મહાન છે અને તેનાથી ય મહાન તેનો સર્જક છે." અત્યારે મનુષ્ય માત્ર પર સમસ્યાઓ, સંકટનાં જે વાદળ છવાએલાં છે, તેનું નિવારણ આ સૃષ્ટિમાં માત્ર મનુષ્ય જ કરી શકે છે. જો મનુષ્યને સાચો માર્ગ ન મળે અથવા તેની શક્તિ ઓછી પડે તો બચવાનો એક જ રસ્તો રહી જાય છે કે સૃજેતા પાસેથી વધારે શક્તિ પ્રાપ્ત કરવામાં આવે.અત્યારની સ્થિતિ એવી છે, જ્યારે મનુષ્ય પોતે જ ઊભાં કરેલાં સંકટો સામે પોતાને લાચાર અનુભવી રહ્યો છે. આવા સંકટના સમયમાં પરમાત્માની મદદ અત્યંત જરૂરી છે.

પૂજ્ય ગુરુદેવનું વચન છે કે સૃજેતા-પરમાત્મા, મનુષ્યતા પર છવાએલાં સંકટોનું નિવારણ કરી, ઉજ્જવળ ભવિષ્યની રચનાનો સંકલ્પ કરી ચૂકયો છે. સૂક્ષ્મ જગતમાં એ પ્રવાહ વહેવા લાગ્યો છે. તેને સ્થૂળ-દૃશ્ય રૂપ આપવા માટે શરીરધારી-ઈશ્વર નિષ્ઠોની જરૂર છે. એવા શ્રદ્ધાવાન વ્યક્તિ જોઇએ કે જેઓ દૈવી સંકલ્પનો નાનામાં નાનો અંશ પોતાના જીવનમાં ધારણ કરી, તેને આચરણમાં લાવી વાતાવરણ બદલવાનું શરૂ કરે.

તેને એમ પણ કહી શકાય કે ઉજ્જવળ ભવિયષ્યની રચના માટે મહાકાળે નૈષ્ઠિક પરિજનોને ભાગીદારી માટે આમંત્રિત કર્યા છે. યુગ પરિવર્તન કરનારી અવતાર ચેતના સાથે ભાગીદારી કરી કોઇ પણ વ્યક્તિ રીછ-વાનર, ગીધ-ખિસકોલી, ગોવાળિયા-પાંડવો, બુદ્ધના પરિવ્રાજક વગેરે જેવું શ્રેય મેળવી શકે છે.

અત્યારના પરિવર્તનના સમયમાં મહાકાળ સાથે ભાગીદારીનાં સૂત્ર છે-ઉપાસના, સાધના, આરાધના:-

<u>૪-૧-૧ ઉપાસના:-</u> (પાસે બેસવું) પોતાના મનને સાંસારિક વિષયો તરફથી વાળી પરમાત્મા તરફ લઇ જવું. તેની સાથે ભાવનાત્મક આદાન-પ્રદાન કરવું, તેની સાથે એક થવાનો પ્રયાસ કરવો.

<u>વિધિ:-</u> ભાવના કરવામાં આવે કે જે રીતે ઉગતા સૂર્યનો પ્રકાશ આપણને ચારેય બાજુથી ઘેરી લે છે, તે રીતે આપણા આહવાનથી પરમાત્મ ચેતના આપણી ચારેય બાજુ વ્યાપી ગઇ છે. ગાયત્રી મંત્ર જપના માધ્યમથી આપણે એ દિવ્ય પ્રાણને પોતાના શરીર, મન, અંત:કરણમાં ધારણ કરી રહ્યા છીએ. આ પ્રયોગ ઓછામાં ઓછી પાંચ મિનિટ રોજ કરવો જોઇએ. વધારે સમય થઇ શકે તો સારું.

<u>૪-૧-૨ સાધના:-</u> સાધના, ઉપાસના, સ્વાધ્યાય, સત્સંગ વગેરેના માધ્યમથી ઉજજવળ ભવિષ્યને અનુરૂપ પ્રવૃત્તિઓ કરવાનો અભ્યાસ પાડવામાં આવે. સત્પ્રવૃત્તિઓ, સદ્‌ગુણો, સત્પ્રયાસોને સંકલ્પપૂર્વક અપનાવવામાં આવે.

<u>વિધિ:-</u> મહાકાળની પ્રેરણાથી પૂજ્ય ગુરુદેવે ઉજજવળ ભવિષ્ય તરફ વધવા યોગ્ય, જીવનના દરેક પક્ષને પોતાની તપ સાધનાથી સિદ્ધ કરી, યુગ સાહિત્યના રૂપમાં તેને સૌના માટે સુલભ બનાવી દીધો છે. યુગ સાહિત્યનું અધ્યયન, મનન, ચિંતન નિયમિત કરવાથી જીવન સાધનાનો પ્રખર ક્રમ શરૂ થઇ જાય છે. પૂજ્યવરના વિચારોને આત્મસાત કરવા માટે મિશનની પત્રિકા યા પુસ્તિકાઓનો ઓછામાં ઓછો એક લેખ દરરોજ વાંચો.

<u>૪-૧-૩ આરાધના:-</u> (પોતાના પુરુષાર્થથી પરમાત્માની સેવાનો પ્રયાસ) પરમાત્મા અરૂપ-અશરીર છે. તેને શરીરધારીઓની સેવાની જરૂર નથી, પરંતુ આ સંસાર તેનું દૃશ્ય રૂપ છે એવું માની તેના આ સુંદર બગીચાને વધારે સુંદર બનાવવાનો પ્રયાસ કરવો જ સાચી ઈશ્વર આરાધના છે.

મનુષ્ય એક એવું પ્રાણી છે, જેની મૂળ જરૂરિયાતો બહુ ઓછી છે અને ક્ષમતાઓ ઘણી વધારે છે. પોતાની શક્તિનો ઉપયોગ માત્ર પોતાના માટે જ કરવામાં આવશે તો-જીવનમાં વ્યસન વધશે, તેથી સમજદારો માટે એક જ રસ્તો રહી જાય

છે કે તેઓ પોતાની બચેલી શક્તિનો ઉપયોગ ઈશ્વર આરાધના, સેવા-સાધના માટે કરે. આવું કરવામાં નહિ આવે તો યા તો ક્ષમતાઓનું જાગરણ નહિ થાય યા દુરુપયોગ થવા લાગશે. જે લોકો લોકસેવા માટે પોતાની બધી જ શક્તિ કામે લગાવી દે છે, એમને દૈવી શક્તિ મળતી રહે છે, એમની ક્ષમતાઓ વધે છે અને એમનું જીવન સાર્થક બને છે.

<u>વિધિ:-</u> ઉજ્જવળ ભવિષ્યની દિશામાં આગળ વધવાનાં જે સૂત્ર આપણા હાથમાં ઉપાસના-સાધનાના માધ્યમથી આવ્યાં, તેમને પોતાના મિત્રોમાં, સમાજમાં જન-જન સુધી પ્રસારિત કરવાનો ભાવભર્યો પ્રયાસ કરતા રહો. દરેકને ઉજ્જવળ ભવિષ્યની પ્રાર્થના-ગાયત્રી ઉપાસના કરવા તથા મિશનના વિચારોના અધ્યયનની પ્રેરણા આપો.

<u>૪-૧-૪ બે તપ:-</u> ઉપાસના-સાધના-આરાધનાને જીવનમાં સ્થાન આપવા માટે બે તપ કરવાં પડે છે- (૧) સમયદાન અને (૨) અંશદાન.

<u>સમયદાન:-</u> સમય મનુષ્યની મૂળ સંપદા છે. સમય સમાપ્ત અર્થાત્ જીવન સમાપ્ત. જ્યાં સુધી જીવન છે, ત્યાં સુધી સમય છે. જેઓ નિર્જીવ જીવન જીવે છે, એમને ભગવાન માટે સમય મળતો નથી, જ્યારે કે ભગવાને સૌને કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર ૨૪ કલાકનો સમય આપ્યો છે.

<u>વિધિ:-</u> સંકલ્પ કરો કે ૨૪ કલાકમાંથી કમ સે કમ એક કલાકનો સમય ઉપાસના-સાધના-આરાધના માટે કાઢીશું. મનુષ્યની દરેક યોગ્યતા, વિભૂતિ તેના સમય સાથે જોડાએલી છે. ભગવાને આપેલી વિભૂતિઓનો ઉપયોગ ભગવાન માટે જ કરવાનો છે, તો સમય ભગવાન માટે કાઢવો જ પડશે.

<u>અંશદાન:-</u> બધા જ પદાર્થ, બધાં જ સાધન ભગવાનનાં બનાવેલાં છે. મનુષ્ય પોતાના ઉપયોગ માટે તેમાં થોડો ફેરફાર માત્ર કરી શકે છે. તેણે પરમાત્માનાં બનાવેલાં સાધન, પરમાત્માએ આપેલી વિભૂતિઓના સહારે પોતાના અધિ-

કારમાં લઇ રાખ્યાં છે. તેનો એક અંશ પણ ભગવાન માટે ન કાઢી શકવો સ્વયં પોતાના દુર્ભાગ્યને નોતરું આપવા જેવું છે.

**વિધિ:-** સંકલ્પ કરો કે ધાર્મિક કાર્યો માટે ઓછામાં ઓછા ૨૦ પૈસા દરરોજ અવશ્ય કાઢીશું. જેમની આર્થિક સ્થિતિ સારી હોય તેઓ એક દિવસનો પગાર આપે.

**ક્રિયા અને ભાવના:-** ઉજ્જવળ ભવિષ્યની રચના માટે મહાકાળ સાથે ભાગીદારી માટે-ઉપાસના, સાધના, આરાધના, સમયદાન તથા અંશદાનના સંબંધમાં જેમણે વ્રત લીધાં છે, તેનો સંકલ્પ લેવાનો છે. ભાગીદારીની ઇચ્છા રાખનારાઓ સંકલ્પ સૂત્ર-નાડાછડી ડાબા હાથમાં લે અને જમણા હાથથી તેને ઢાંકી દે. સંકલ્પ કરે-

અમે ઈશ્વરનું અનુશાસન સ્વીકારીએ છીએ.

**ૐ ઈશાનુશાસનમ સ્વીકારોમિ ।**

-મર્યાદાઓનું પાલન કરીશું-**ૐ મર્યાદાં ચરિષ્યામિ ।**

-ખોટું આચરણ કરીશું નહિ-**ૐ વર્જ્ય નો ચરિષ્યામિ ।**

સંકલ્પ સૂત્ર માથે લગાવી ગાયત્રી મંત્રનું ઉચ્ચારણ કરતાં-કરતાં પરસ્પર બાંધી લે.

હવે હાથ જોડીને પ્રાર્થના કરો -

હે મહાકાળ ! ઉજ્જવળ ભવિષ્યની રચના માટે, પોતાના સંકલ્પોને પૂરા કરવા માટે અમોને જરૂરી પ્રેરણા આપો. હે પ્રભુ ! અમારા સંકલ્પ પૂરા થાય, અમે સુખ, સૌભાગ્ય, શ્રેય અને પુણ્ય તથા આપની કૃપાના અધિકારી બનીએ. આપની પાસેથી દિવ્ય અનુદાન મેળવવા અને તેને જન-જન સુધી પહોંચાડવાની અમારી પાત્રતા વિકસિત થતી રહે.

**નિર્દેશ:-** વ્રત નિર્ધારણ પોતાના મનમાં ભાવનાપૂર્વક કરી લેવામાં આવે અને તેનો નિષ્ઠાપૂર્વક નિર્વાહ કરવામાં આવે.

## ૫-૦ કળશ સ્થાપના

<u>૫-૧ પ્રેરણા:-</u> પરમાત્માની શક્તિધારાઓ, દેવ શક્તિઓ, વિશ્વની વ્યવસ્થા જાળવી રાખવામાં લાગેલી રહે છે. આપણે લોકમંગળ માટે યજ્ઞ કરી રહ્યા છીએ. આવાં કાર્યોમાં દેવ શક્તિઓ અવશ્ય મદદ કરે છે. આપણે તેમનું આહ્‌વાન કરીએ છીએ, જેથી તે આપણને માર્ગદર્શન આપે, શક્તિ આપે.

શું આપણા બોલાવવાથી દેવ શક્તિઓ આવશે ? હા ! જો આપણી શ્રદ્ધા-ભાવના અને શ્રેષ્ઠ કર્મ કરવાની ઈચ્છા સાચી હોય, પ્રબળ હોય તો તે આપણી પ્રાર્થના સ્વીકારે છે.

બધી જ દેવ શક્તિઓને આપણે કળશમાં સ્થાપિત કરીએ છીએ. કળશ બ્રહ્માંડનું પ્રતીક છે. તેમાં ધારણ કરવાની ક્ષમતા છે-પાત્રતા છે અને શ્રદ્ધારૂપ જળ છે. કેટલાય દેવતા એક સાથે સહયોગપૂર્વક તેમાં રહે છે, તેથી જ તેઓ દેવતા કહેવાય છે.

<u>૫-૨ ક્રિયા અને ભાવના:-</u> નિર્ધારિત પ્રતિનિધિ કળશ પૂજન કરે. મંત્રોચ્ચાર વખતે સૌ પરિજનો હાથ જોડી મનમાં ને મનમાં પ્રર્થાના કરે.

હે દેવ ! અમારી શ્રદ્ધાને પ્રખર બનાવો. હે દેવ ! સત્કાર્ય કરવાની અમારી પ્રવૃત્તિ વિકસિત થાય. હે દેવ ! જુદા જુદા સ્વભાવના, જુદી જુદી યોગ્યતાવાળાઓને સત્કાર્યો માટે એક થવાનું શિખવાડો.

**ૐ કલશસ્ય મુખે વિષ્ણુઃ કંઠે રુદ્રઃ સમાશ્રિતઃ ।**
**મૂલે તત્ર સ્થિતો બ્રહ્મા મધ્યે માતૃગણાઃ સ્મૃતાઃ ॥૧॥**

**કુક્ષૌ તુ સાગરાઃ સર્વે સપ્તદ્વીપા વસુન્ધરા ।**
**ઋગ્વેદોઽથ યજુર્વેદઃ સામવેદો હ્યથર્વણઃ ॥૨॥**

અંગૈશ્ચ સહિતા: સર્વે કલશન્તુ સમાશ્રિતા: ।
અત્ર ગાયત્રી સાવિત્રી શાન્તિ પુષ્ટિકરી સદા ॥૩॥
ત્વયિ તિષ્ઠન્તિ ભૂતાનિ ત્વયિ પ્રાણા: પ્રતિષ્ઠિતા: ।
શિવ: સ્વયં ત્વમેવાસિ વિષ્ણુસ્ત્વં ચ પ્રજાપતિ: ॥૪॥
આદિત્યા: વસવો રુદ્રા: વિશ્વેદેવા : સપૈતૃકા : ।
ત્વયિ તિષ્ઠન્તિ સર્વેઽપિ યત: કામફલપ્રદા: ॥૫॥
ત્વત્પ્રસાદાદિમં યજ્ઞં કર્તુમીહે જલોદ્ભવ ।
સાન્નિધ્યં કુરુ મે દેવ પ્રસન્નો ભવ સર્વદા ॥૬॥

## ૬–૦ ગુરુ વંદના

<u>૬–૧ પ્રેરણા–</u> પરમાત્મ ચેતના બે રૂપોમાં કાર્ય કરે છે. એક રૂપ છે– નિયંતાનું, જે આખા વિશ્વને અનુશાસનમાં ચલાવે છે. સાચા માર્ગે ચાલનારાઓને ઇનામ અને ખોટા માર્ગે જનારાઓને દંડ આપે છે.

બીજું છે–ગુરુ, જે વિશ્વ વ્યવસ્થાનું અનુશાસન સમજાવે છે. તેને જીવનના અભ્યાસ ક્રમમાં સામેલ કરવા માટે પ્રેરણા, માર્ગદર્શન, સહયોગ આપે છે.

આપણે યજ્ઞના માધ્યમથી ઉજ્જવળ ભવિષ્ય તરફ વધવાની દિશા, શક્તિ અને પ્રવૃત્તિ ઇચ્છીએ છીએ, તેથી ગુરુદેવનું શ્રદ્ધાપૂર્વક આવાહન–વંદન કરીએ છીએ.

<u>૬–૨ ક્રિયા અને ભાવના–</u> પ્રતિનિધિ દેવ મંચ પર ગુરુદેવના પ્રતીકનું પૂજન કરે. બધા લોકો હાથ જોડીને મંત્રોચ્ચારણ સાથે ભાવના કરે.

હે પરમ કૃપાળુ ! અમને માર્ગદર્શન અને સહયોગ આપવા માટે પોતાની ઉપસ્થિતિનો બોધ કરાવતા રહેશો– અમને ભટકવા દેશો નહિ, જાગૃત રાખજો, આગળ વધારતા રહેજો.

**ૐ અખણ્ડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ ।**
**તદપદં દર્શિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**
**ૐ યથા સૂર્યસ્ય શક્તિસ્તુ શ્રીશમે વિધેતે હિ યા ।**
**સર્વશક્તિસ્વરુપાં તાં માતા ભગવત્યૈ નમઃ ॥**
**ૐ શ્રીગુરવે નમઃ આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ ।**

## ૭–૦ દેવ નમસ્કાર

**૭–૧ પ્રેરણાઃ–** નમનનો અર્થ છે–અભિવાદન–પ્રણામ. દેવ શક્તિઓનું અભિવાદન અર્થાત્ એમનું સન્માન કરવું. આપણા મનનો ઝુકાવ દેવત્વ તરફ હોવો જોઇએ. પ્રણામ નમ્રતા અને શિષ્ટતાનું પણ પ્રતીક છે. જે વિનમ્ર હોય છે, તે મેળવે છે, આ ઉક્તિનો અર્થ છે કે સજ્જન–શિષ્ટ વ્યક્તિને દરેક લોકો કંઇક આપવા માગે છે, ઉદંડ, અહંકારીને નહિ.

આપણે દેવત્વ તરફ આગળ વધવાનો અભ્યાસ કરવો જોઇએ. તેનાં નવ સ્ત્રોત–સ્વરૂપ અહિયાં દર્શાવવામાં આવ્યાં છે. જ્યાં એ વૃત્તિઓ સમાજમાં દેખાય ત્યાં ઝૂકવું કલ્યાણકારી છે.

**૭–૨ ક્રિયા અને ભાવનાઃ–** સૌ હાથ જોડી લે. જે ક્રમથી કહેવામાં આવે, એ જ ક્રમથી દેવ શક્તિઓનું ધ્યાન કરવામાં આવે. એમને નમન કરવામાં આવે. તે આપણને પોતાને અનુરૂપ બનવાની પ્રેરણા આપતી રહે, સાચું માર્ગદર્શન, પ્રગતિ માટે સહયોગ આપતી રહે.

(૧) જે સદા આપતી રહે છે અને આપતા રહેવાની પ્રેરણા આપે છે, એ દેવ શક્તિઓને નમન. જેમ કે વાયુ, જળ, અગ્નિ.

**ૐ સર્વાભ્યો દેવ શક્તિભ્યો નમ : ।**

(૨) જેમણે પોતાની જાતને દિવ્ય બનાવી અને આપણા

માટે દિવ્ય વાતાવરણ તૈયાર કરવા માટે પોતાની જાતને ખપાવી દીધી, એ દેવ પુરુષોને નમન, જેમ કે ઋષિ, સંત, અવતારી.

**ૐ સર્વેભ્યો દેવ પુરુષેભ્યો નમ : ।**

(૩) જેઓ સત્પ્રવૃત્તિ સંવર્ધન માટે પોતાના પ્રાણની પરવા કર્યા વગર એ કાર્યમાં લાગ્યા રહ્યા એ મહાપ્રાણોને નમન. જેવા કે સુધારક, શહીદ ...

**ૐ સર્વેભ્યો મહાપ્રાણેભ્યો નમ : ।**

(૪) જે મૂઢતા અને અનીતિ સામે ઝઝૂમવાની શક્તિ આપે છે, એ મહારુદ્રોને નમન. જેમ કે પ્રકૃતિના નિયમોનો ભંગ કરનારાઓને દંડ આપનારી શક્તિઓ.

**ૐ સર્વેભ્યો મહારુદ્રેભ્યો નમ : ।**

(૫) અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનારા આદિત્યોને નમન. જેમ કે સૂર્ય, ગુણ, જ્ઞાની–વિજ્ઞાની, શોધકર્તા.

**ૐ સર્વેભ્યો આદિત્યેભ્યો નમ : ।**

(૬) મમતાની મૂર્તિ, શુભ–સદ્‌ભાવ જગાવનારી, કુપાત્રોને સુધારનારી, સુપુત્રોને પ્રેમ કરનારી બધી જ માતૃશક્તિઓને નમન. દુર્ગા, સીતાથી માંડીને મા શારદામણિ તથા વંદનીય માતાજી સુધી.

**ૐ સર્વાભ્યો માતૃશક્તિભ્યો નમ : ।**

(૭) જેનામાં સુસંસ્કારોની સુગંધ ભરેલી છે, જે સંપર્કમાં આવનારાઓને પુણ્ય–પ્રેરણા આપે છે, એ દિવ્ય ક્ષેત્રોને નમન. બધાં જ તીર્થો વગેરે

**ૐ સર્વેભ્યઃ તીર્થેભ્યો નમ : ।**

(૮) જેના અભાવમાં મનુષ્ય અજ્ઞાન–અંધકારમાં જ ભટકતો રહે છે, એ મહાવિદ્યાને નમન. સંવેદનાઓના આધાર પર વિકસિત કુશળતા.

**ૐ મહાવિદ્યાયૈ નમ : ।**

(૯) જેને દુર્બળતા પસંદ નથી–જે ઉદ્દંડતાને સહન

કરતો નથી, એ મહાકાળને નમન. સમયના પ્રવાહને બદલવામાં સક્ષમ વગેરે ચેતના.

**ૐ એતત્કર્મ પ્રધાન શ્રી મન્મહાકાલાય નમ : ।**

## ૮-૦ પંચોપચાર પૂજન

<u>૮-૧ પ્રેરણા-</u> જેના પ્રત્યે સાચી શ્રદ્ધા હોય છે, તેનું પૂજન કરવાની ઇચ્છા થાય છે. પૂજનમાં સન્માનની ભાવનાને ક્રિયા રૂપમાં વ્યક્ત કરવામાં આવે છે. શ્રદ્ધાને સક્રિય બનાવવી એ જ પૂજનનું સાચું સ્વરૂપ છે.

પૂજનમાં કંઇક અર્પિત કરવામાં, ચઢાવવામાં આવે છે. જેને આપણે શ્રદ્ધાપૂર્વક નમન કરી રહ્યા છીએ, તેનું કાર્ય પ્રભાવક્ષેત્ર વધે, તે માટે પોતાનું યોગદાન આપવા માટે મન આકુળ-વ્યાકુળ થઇ જાય છે. આ શ્રદ્ધા ભર્યો સહયોગ જ સાચી પૂજન સામગ્રી છે. પંચોપચાર પૂજનનાં પાંચ પ્રતીક આપણી પાંચ પ્રકારની શક્તિઓનાં પ્રતીક છે, જેને આપણે દેવ શક્તિઓ માટે અર્પિત કરીએ છીએ.

<u>૮-૨ ક્રિયા અને ભાવના:-</u> દેવ મંચ પાસે પ્રતિનિધિ જળ, ચોખા, ફુલ, અગરબતી, દીવો તથા નૈવેદ્ય મંત્રોચ્ચાર સાથે અર્પિત કરે. બધા જ લોકો હાથ જોડીને ભાવના કરે-હે દેવ ! અમારી શ્રદ્ધાને જળ રૂપમાં સ્વીકાર કરો.

-હે દેવ ! ચોખાના રૂપમાં અમારાં પુણ્ય કર્મો, અમારી અટૂટ નિષ્ઠા સ્વીકાર કરો.

-હે દેવ ! પુષ્પના રૂપમાં અમારા અંત:નો ઉલ્લાસ અર્પિત છે.

-હે દેવ ! ધૂપ-દીપના રૂપમાં અમારી પ્રતિભા અને યોગ્યતાનો સ્વીકાર કરો.

—હે દેવ ! નૈવેદ્યના રૂપમાં અમારી સાધન–સંપદાનો એક અંશ અર્પિત છે, તેનો સ્વીકાર કરો. મંત્ર બોલાવો.

**ૐ સર્વેભ્યો દેવેભ્યો નમ : । જલમ્, ગંધાક્ષતમ્, પુષ્પમ્, ધૂપમ્, દીપમ્–નૈવેદ્યમ્ સમર્પયામિ ॥**

હવે હાથ જોડીને સૌ નમસ્કાર કરે.

**ૐ નમોઽસ્ત્વનન્તાય સહસ્રમૂર્તયે સહસ્ર–પાદાક્ષિશિરોરુબાહવે ।**

**સહસ્રનામ્ને પુરુષાય શાશ્વતે સહસ્રકોટી–યુગધારિણે નમ : ॥**

## ૯–૦ અગ્નિ સ્થાપના

૯–૧ પ્રેરણા– ઋગ્વેદમાં અગ્નિને આરાધ્ય અને પુરોહિત કહેવામાં આવ્યો છે. મનુષ્ય જ્યારથી અગ્નિ ઊર્જાનો ઉપયોગ કરવાનું શીખ્યો, ત્યારથી તેની પ્રગતિના અગણિત માર્ગ ખુલતા ગયા. અગ્નિ આરાધ્ય તો છે જ, પરંતુ તેનો પુરોહિતના રૂપમાં પણ સ્વીકાર કરવો પડશે. તેના શિક્ષણ, પ્રેરણાઓને પણ જીવનમાં સ્થાન આપવું પડશે. અગ્નિના શિક્ષણથી જ શક્તિઓનો કલ્યાણકારી ઉપયોગ સંભવ છે, અગ્નિની પ્રેરણાઓ આ મુજબ છે–

—અગ્નિની જવાળાઓ ઉપર તરફ જાય છે. અગ્નિના સાંનિધ્યથી મનુષ્ય ઊંચો ઉઠવાનું શીખી લે, તો પતનનો પ્રશ્ન જ ઊભો ન થાય.

—અગ્નિ સ્વયં પ્રકાશિત છે. મનુષ્ય પોતાની પ્રજ્ઞાને જાગૃત રાખે તો અંધકાર–અજ્ઞાનમાં ભટકવાની સ્થિતિ જ પેદા ન થાય.

—અગ્નિમાંથી ગરમી–ઊર્જા નીકળે છે. મનુષ્ય પોતાની અંદર પ્રતિભા જાગૃત કરી લે તો દીન–હીન કેવી રીતે રહી શકે ?

—અગ્નિમાં જઇ દરેક પદાર્થ અગ્નિ સમાન બની જાય છે. આપણે પણ પ્રકાશ અને ઊર્જા પેદા કરવાની પ્રવૃત્તિઓ પોતાના સંપર્કમાં આવનારાઓમાં પેદા કરી શકીએ છીએ.

—અગ્નિને જે કંઇ મળે છે, તે સૌને સમાન ભાગે વહેંચી દે છે. પોતાના માટે કશું જ બચાવતો નથી. આપણે પણ સંગ્રહની જગ્યાએ વિતરણની પ્રવૃત્તિ અપનાવવી જોઇએ.

—અગ્નિ સ્થાપના વખતે પોતાની અંદર આ જ સત્પ્રવૃત્તિઓની સ્થાપનાની પ્રાર્થના કરવામાં આવે છે. દીપક–અગરબત્તીની જેમ આપણે પણ તેજસ્‌ને ધારણ કરવામાં સમર્થ બનીએ.

<u>૯–૨ ક્રિયા અને ભાવના:–</u> મંત્રોચ્ચાર સાથે દીપક–અગરબત્તી પ્રગટાવો. મંચ પર સ્વયંસેવક અગરબત્તીઓ વારાફરથી સળગાવે, જેથી અંત સુધી ક્રમ ચાલતો રહે.

જો યાજકો પાસે થાળીમાં દીપક–અગરબત્તી હોય તો તેઓ સૌ પ્રથમ એક દીવો–એક અગરબત્તી જ સળગાવે અથવા એક પછી બીજો દીવો અને અગરત્તી સળગાવવાનો ક્રમ બનાવે.

અગ્નિ સ્થાપના સમયે ભાવના કરો.

હે અગ્નિ દેવ ! અમને ઉપર ઉઠવાનું શિખવાડો.

—અમને પ્રકાશથી ભરી દો. પ્રકાશવાન બનાવો.

—અમને શક્તિ સંપન્ન બનાવો.

—અમને આપના જેવા બનવા તથા બીજાઓને અમારા જેવા બનાવાવાની શક્તિ આપો, જેથી અમે પણ તમારી જેમ સુગંધ અને પ્રકાશ વહેંચવા લાગીએ.

**ૐ અગ્ને નય સુપથા રાયે, અસ્માન વિશ્વાની દેવ વયુનાનિ વિદ્વાન્ । યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો ભૂયિષ્ઠાં તે નમ ઉક્તિં વિધેમ ।**

# ૧૦.૦ ગાયત્રી સ્તવન

**૧૦-૧ પ્રેરણા:-** ગાયત્રી મહામંત્રનો દેવતા છે- "સવિતા" સવિતા પ્રકાશ, ઊર્જા, ચેતના વગેરેના સ્રોતને કહેવામાં આવે છે. ભૂમંડળ માટે તે પ્રત્યક્ષ સ્રોત સૂર્ય છે, તેથી સામાન્ય રૂપથી સવિતા સાથે સૂર્યનો મેળ બેસાડી દેવામાં આવે છે. સવિતાને જ્યોતિ પુંજ, દિવ્ય મંડળના રૂપમાં જ જાણી શકાય છે. પરમાત્માને ઉચ્ચ આદર્શો, શક્તિઓનો સમૂહ કહેવામાં આવે છે. આ રીતે પરમાત્માના પ્રકટ સ્વરૂપને જ સવિતા કહેવામાં આવ્યા છે.

ગાયત્રી સ્તવનમાં એ જ પ્રાણના, શક્તિના, પ્રકાશ તથા ઊર્જાના સ્રોત, ચેતના યુક્ત દિવ્ય મંડળને સંબોધિત કરવામાં આવ્યા છે. તેની મહાનતાઓ, દિવ્ય ક્ષમતાઓનું સ્મરણ કરી તેને પ્રાર્થના કરવામાં આવી છે કે તે આપણને પવિત્ર બનાવે.

એ "સવિતા" અનાદિ, સ્વપ્રકાશિત, દરેક લોકોનો પ્રકાશક બધાં જ તેજોનો વિશાળ પુંજ છે. તે દુ:ખ-દારિદ્રય, વ્યાધિઓને નષ્ટ કરનારો છે. તે ત્રિલોકમાં દેવો, સિદ્ધો, ઋષિઓ, સામાન્ય જનોમાં પૂજિત છે. બધા જ વેદો, જ્ઞાનીઓ, સિદ્ધો, ચારણોએ તેનો મહિમા ગાયો છે. તે ઉત્પત્તિ, પાલન અને પ્રલયની શક્તિ ધરાવતો કાળનો પણ કાળ (મહાકાળ) છે. તે જ પ્રાણીઓમાં આત્મતત્વના રૂપમાં રહીને સૌનું પાલન-નિયંત્રણ કરે છે. તે અગમ્ય છે, જ્ઞાનનો ભંડાર છે. સૂક્ષ્મ અંત:કરણના યોગથી તેનો બોધ થાય છે. સિદ્ધ-યોગી પુરુષો તેના સુધી પહોંચવા માટે યોગમાર્ગનું અનુસરણ કરે છે. જેનું સ્મરણ વેદજ્ઞ, બ્રહ્મજ્ઞ સદા કરતા રહે છે, એ દિવ્ય જ્ઞાન પુંજને નમન કરી આપણે વારંવાર તેની પાસે પવિત્રતાની યાચના કરીએ છીએ, જેથી તેની કૃપા આપણા પર વરસતી રહે.

**૧૦-૨. ક્રિયા અને ભાવના-** બધા જ યાજકો ગાયત્રી સ્તવન સાંભળો. અંતિમ ચરણ "પુનાતુ મા તત્સવિતુર્વરેણ્યં" ફરીથી પણ બોલવું. મનથી પ્રાર્થના કરો કે અમારી ભાવના વિચારણા, સ્વભાવમાં એટલી પવિત્રતા આવે કે આપણે દેવ પ્રયોજનમાં સક્રિય-સહયોગી બની શકીએ.

ૐ યન્મંડલં દીપ્તિકરં વિશાલમ,
રત્નપ્રભં તીવ્રમનાદિરુપમ્ ।
દારિદ્રય દુ:ખક્ષયકારણં ચ,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૧॥

યન્મંડલં દેવગણૈ: સુપૂજિતમ્,
વિપ્રૈ: સ્તુતં માનવમુક્તિકોવિદમ્ ।
તં દેવદેવં પ્રણમામિ ભર્ગં,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૨॥

યન્મંડલં જ્ઞાનઘનં ત્વગમ્યં,
ત્રૈલોક્યપૂજ્યં ત્રિગુણાત્મરુપમ્ ।
સમસ્ત તેજોમય દિવ્ય રુપમ્,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૩॥

યન્મંડલં ગૂઢમતિપ્રબોધમ,
ધર્મસ્ય વૃદ્ધિં કુરુતે જનાનામ્ ।
યત સર્વપાપક્ષયકારણં ચ,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૪॥

યન્મંડલં વ્યાધિવિનાશદક્ષમ,
યદૃગયજુ:સામસુ સમ્પ્રગીતમ્ ।
પ્રકાશિતં યેન ચ ભૂર્ભુવ: સ્વ:
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૫॥

યન્મંડલં વેદવિદો વદન્તિ,
ગાયન્તિ યચ્ચારણસિદ્ધસંઘા: ।

યદ્યોગિનો યોગજુષાં ચ સંઘા :,
પુનાતુ મા તત્સવિતુર્વરેણ્યમ્ ॥૬॥

યન્મંડલં સર્વજનેષુ પૂજિતં,
જ્યોતિશ્ચ કુર્યાદિહ મર્ત્યલોકે ।
યત્કાલકાલાદિમનાદિ રૂપમ,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૭॥

યન્મંડલં વિષ્ણુ ચતુર્મુખાસ્યં,
યદક્ષરં પાપહરં જનાનામ્ ।
યત્કાલકલ્પક્ષયકારણં ચ,
પુનાતુ મા તત્સવિતુર્વરેણ્યમ્ ॥૮॥

યન્મંડલં વિશ્વસૃજાં પ્રસિદ્ધં,
ઉત્પત્તિરક્ષા પ્રલયપ્રગલ્ભમ્ ।
યસ્મિન્ જગત્ સંહરતેઽખિલંચ,
પુનાતુ મા તત્સવિતુર્વરેણ્યમ્ ॥૯॥

યન્મંડલં સર્વગતસ્ય વિષ્ણો :,
આત્મા પરં ધામ વિશુદ્ધતત્વમ્ ।
સૂક્ષ્માન્તરૈર્યોગપથાનુગમ્યં,
પુનાતુ મા તત્સવિતુર્વરેણ્યમ્ ॥૧૦॥

યન્મંડલં બ્રહ્મવિદો વદન્તિ,
ગાયન્તિ યચ્ચારણસિદ્ધસંઘાઃ ।
યન્મંડલં વેદવિદઃ સ્મરન્તિ,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૧૧॥

યન્મંડલં વેદ વિદોપગીતં,
યદ્યોગિનાં યોગપથાનુગમ્યમ્ ।
તત્સર્વવેદં પ્રણમામિ દિવ્યં,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૧૨॥

# ૧૧-૦ દીપ યજ્ઞ

**૧૧-૧ પ્રેરણાઃ-** દેવ સંસ્કૃતિમાં યજ્ઞનો બહુ વ્યાપક અર્થ છે. જીવનમાં ઉચ્ચ આદર્શોને સ્થાન આપવા માટે કરવામાં આવેલા સંકલ્પ બદ્ધ પ્રયાસોને યજ્ઞ કહેવામાં આવે છે. જ્ઞાન યજ્ઞ, ભૂદાન યજ્ઞ નેત્રદાન યજ્ઞ વગેરે શબ્દોના ભાવથી સૌ કોઇ પરિચિત છે. તેમાં કયાંય અગ્નિહોત્ર થતો નથી, તેમ છતાં પણ તે યજ્ઞ કહેવાય છે.

યુગ નિર્માણ અભિયાન દ્વારા જન-જનને યજ્ઞીય-આદર્શનિષ્ઠ, પરમાર્થ પરક પુરુષાર્થ કરવાની પ્રેરણા તથા અભ્યાસ કરાવવાનો આ જ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ અભિયાનમાં શરૂથી જ અગ્નિહોત્રને ઓછું અને જીવનયજ્ઞ પ્રક્રિયાને વધારે મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે.

પ્રત્યક્ષ યજ્ઞોના ત્રણ પક્ષ હોય છે. એક અગ્નિહોત્ર, બીજો મંત્ર પ્રયોગ અને ત્રીજો સાધકો-યાજકોની શ્રદ્ધા ભાવના. આ ત્રણેયના સંયોગથી જ યજ્ઞ બને છે.

દીપયજ્ઞમાં અગ્નિહોત્રને સ્વચાલિત (ઓટોમેટિક) પ્રક્રિયાના રૂપમાં જોઇ શકાય છે. દીપકમાં ઘી અને અગરબત્તીઓમાં હવન સામગ્રીની આહુતિઓ આપમેળે અપાતી રહે છે. તેની સાથે મંત્ર અને શ્રદ્ધા ભાવના જોડવાની હોય છે. કુંડમાં હાથ વડે આહુતિ આપવાની ક્રિયા પર ધ્યાન રહેવાના કારણે મંત્ર અને ભાવનાઓ પરથી ધ્યાન હટી જાય છે. તેમાં એકાગ્રતા સધાતી નથી. દીપયજ્ઞમાં ઘી અને હવન સામગ્રીની આહુતિઓ આપમેળે અપાતી રહેવાના કારણે ધ્યાન બીજે જતું નથી. સાધક મનોયોગપૂર્વક મંત્ર અને ભાવના સાથે એકાત્મતા સ્થાપિત કરી શકે છે, તેથી દીપયજ્ઞ વધારે પ્રભાવશાળી સાબીત થઇ રહ્યો છે.

**૧૧-૨ ક્રિયા અને ભાવનાઃ-** બધા જ યાજક ધ્યાન

મુદ્રામાં બેસે. એક જયકારો બોલાવો અને નીચે લખેલી પ્રાર્થના ટુકડે-ટુકડે બધાં પાસે બોલાવો.

-હે યજ્ઞ દેવ ! અમે યુગશક્તિ-મહાકાળના સંકલ્પમાં અમારા સ્નેહ અને સદ્‌ભાવની આહુતિઓ શ્રદ્ધાપૂર્વક આપી રહ્યા છીએ.

-આ આહુતિઓની સુગંધ, પ્રભાવથી, સૂક્ષ્મ જગતનું પરિશોધન થાય તથા નવયુગના અવતરણ માટે દિવ્ય વાતાવરણ તૈયાર થાય એવી પ્રાર્થના કરીએ છીએ.

-આ પ્રાર્થના પૂરી થતાં ગાયત્રી મંત્ર સ્વાહા સહિત એક સાથે બોલવામાં આવે. ઈદં ગાયત્ર્યૈ ઈદં ન મમ પણ બોલવામાં આવે. ૨૪ વાર આહુતિઓ આપવામાં આવે. ભાવના કરવામાં આવે કે સામૂહિક આધ્યાત્મિક પ્રયોગથી એક પ્રચંડ ઊર્જા પેદા થઇ રહી છે, જેનાથી સૂક્ષ્મ જગતનું શોધન થઇ રહ્યું છે. આ પ્રયાસમાં આપણે જે સાધન-શ્રદ્ધા લગાવી રહ્યા છીએ-એ બધું એમના માટે જ અર્પિત કરી રહ્યા છીએ.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધીયો યો નઃ પ્રચોદયાત્ સ્વાહા । ઈદં ગાયત્ર્યૈ ઈદં ન મમ ।

# ૧૨-૦ પૂર્ણાહુતિ

**૧૨-૧ પ્રેરણાઃ-** પરમાત્મા સ્વયંમાં પૂર્ણ છે, અને તેણે બનાવેલી પ્રકૃતિ પણ સ્વયંમાં પૂર્ણ છે. પ્રકૃતિ જે કામ શરૂ કરે છે, તેને અવશ્ય પૂરું કરે છે. કોઇ કામને અધૂરું છોડી દેવું તેના નિયમોનું ઉલ્લંઘન કરવા જેવું છે. યજ્ઞ જેવા આધ્યાત્મિક પ્રયોગોને તો પૂર્ણ કરવા જ જોઇએ.

ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે કે આ સૃષ્ટિ

યજ્ઞમય બનાવાવમાં આવી છે. પ્રકૃતિનો પુરુષાર્થ યજ્ઞીય ભાવના–પરમાર્થ પ્રક્રિયાના અનુશાસનમાં જ ચાલી રહ્યો છે. શરીરનું દરેક અંગ "પૂર્ણ" છે, પરંતુ શરીરનો ક્રમ સંયુક્ત પુરુષાર્થથી ચાલે છે. જળ, અગ્નિ,, વાયુ ત્રણેય સ્વયંમાં પૂર્ણ છે, પરંતુ એ બધાના સહયોગ–સંયોગથી જ વર્ષા ચક્ર ચાલતું રહે છે, પૃથ્વી, જળ, વાયુ, પ્રકાશ વગેરેના સંયોગથી જ વૃક્ષ, વનસ્પતિઓ, ખેતી વગેરેનું ચક્ર ચાલતું રહે છે. જીવનના વિકાસ માટે, પૂર્ણતા માટે યજ્ઞ અનિવાર્ય છે.

જીવનને યજ્ઞમય બનાવવું યજ્ઞની પૂર્ણતા છે, પરંતુ યજ્ઞ અડધા–અધૂરા મનથી થતો નથી. દીવામાં ઘી ન હોય કે દીવેટ ન હોય તો તે સળગી શકતો નથી. અગરબત્તીમાં બધા પદાર્થોનું મિશ્રણ બરાબર થયું હશે તો જ તે સુગંધ ફેલાવશે અને લાંબો સમય સળગતી રહેશે. આ જ રીતે ભાવના, વિચારણાના સંયોગથી સંકલ્પ બને અને કર્મ–પુરુષાર્થ તેને ધારણ કરે તો જ જીવનમાં યજ્ઞીય ઊર્જા તથા સુગંધ પેદા થઇ શકે છે. દીપયજ્ઞની પૂર્ણાહુતિમાં આપણે શ્રેષ્ઠ સંકલ્પ કરીએ અને તેમને પોતાના પુરુષાર્થ દ્વારા પૂરા કરીએ–આ જ સાચી પુર્ણાહુતિ છે.

<u>૧૨–૨ ક્રિયા અને ભાવનાઃ–</u> જમણા હાથમાં ફૂલ–ચોખા લો. ચોખા અટૂટ નિષ્ઠાનું અને ફૂલ ઉલ્લાસનું પ્રતીક છે.

ભાવના કરો કે આપણે દીપયજ્ઞથી જાગૃત દિવ્ય ઊર્જાને પોતાની અંદર સ્થાપિત કરી રહ્યા છીએ. બહાર દીવાઓના પ્રકાશ અને અગરબત્તીઓની સુગંધથી વાતાવરણ સુરમ્ય બની રહ્યું છે. આપણે પોતાની અંદર સંકલ્પની અખંડ જયોતિ અને સત્કર્મોની સુગંધ સ્થાપિત કરીએ.

આપણી અંદર જે દોષ–દુર્ગુણો મૂળિયાં નાખીને બેઠા છે, તેમાંથી કોઇ એક દુર્ગુણ દેવ શક્તિઓની સાક્ષીમાં છોડવાનો સંકલ્પ લેવામાં આવે. મહાકાળની સાક્ષીમાં, યજ્ઞીય દિવ્ય વાતાવરણમાં પૂર્ણાહુતિ સંકલ્પ કરો.

(આગળ આપવામાં આવેલો સંકલ્પ બધાં પાસે બોલાવવામાં આવે.)

હું (પોતાનું નામ લેવું) ભગવાન–મહાકાળની સાક્ષીમાં, યજ્ઞની પૂર્ણાહુતિના રૂપમાં એ સંકલ્પ લઉં છું કે હું આજથી (જે કુટેવ છોડવા માંગતા હોય તેનું નામ) સદાને માટે છોડી દઉં છું. ઈશ્વરની સાથે ભાગીદારી માટે (ઉપાસના, સ્વાધ્યાય, સેવા વગેરે) અનુશાસનોને જીવનનું અંગ બનાવું છું. તેના માટે દરરોજ ઓછામાં ઓછો......નો સમય તથા.........અંશદાન કાઢતો/કાઢતી રહીશ. આ અનુશાસન જીવનભર પાળીશ.

હે યજ્ઞ રૂપ પ્રભુ ! અમારી અંદર સત્કર્મોની એવી સુગંધ પેદા કરો, જેના પ્રભાવથી આજુબાજુના લોકોમાં પણ સત્કર્મ કરવાનો ઉત્સાહ પેદા થાય.

ભાવના પૂર્વક મંત્ર બોલવામાં આવે.

**પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે સ્વાહા ॥**
**ૐ સર્વં વૈ પૂર્ણં ँ સ્વાહા ।**

ફૂલ, ચોખા, દીપયજ્ઞની થાળીમાં મૂકી દો અથવા સ્વયંસેવક તેને ભેગા કરી દેવમંચ પર અર્પિત કરી દે. સમય હોય તો યજ્ઞ ભગવાનની પ્રાર્થના સામુહિક રૂપથી ગાવામાં આવે. પ્રાર્થના નીચે મુજબ છે.

## યજ્ઞ દેવની સ્તુતિ

**યજ્ઞ રુપ પ્રભો ! હમારે, ભાવ ઉજજવલ કીજિયે,**
**છોડ દેવેં છલ કપટ કો, માનસિક બલ દીજિયે.**
**વેદ કી બોલેં ઋચાએં, સત્ય કો ધારણ કરેં,**
**હર્ષ મેં હો મગ્ન સારે, શોક સાગર સે તરેં.**

અશ્વમેધાદિક રચાએઁ, યજ્ઞ પર ઉપકાર કો,
ધર્મ મર્યાદા ચલાકર, લાભ દેં સંસાર કો.
નિત્ય શ્રદ્ધા ભક્તિ સે, યજ્ઞાદિ હમ કરતે રહેં,
રોગ-પીડિત વિશ્વ કે, સંતાપ સબ હરતે રહેં.
કામના મિટ જાએઁ મન સે, પાપ અત્યાચાર કી,
ભાવનાએઁ શુદ્ધ હોવેં, યજ્ઞ સે નર-નારી કી.
લાભકારી હો હવન, હર જીવધારી કે લીએ,
વાયુ જલ સર્વત્ર હો, શુભ ગંધ કો ધારણ કીએ.
સ્વાર્થભાવ મિટે હમારા, સત્ય પથ વિસ્તાર હો,
'ઈદં ન મમ' કા સાર્થક, પ્રત્યેક મેં વ્યવહાર હો.
હાથ જોડ ઝુકાએ મસ્તક, વંદના હમ કરતે રહેં,
નાથ કરુણા રુપ ! વરુણા, આપકી સબ પર રહે.
યજ્ઞ રુપ પ્રભો ! હમારે, ભાવ ઉજજવલ કીજિએ,
છોડ દેવેં છલ-કપટકો, માનસિક બલ દીજિએ.

## <u>૧૩-૦ આરતી</u>

<u>૧૩-૧ પ્રેરણા:-</u> આરતીની જ્યોતિ આત્માનું પ્રતીક હોય છે. આપણે પરમાત્મા પ્રત્યે સમર્પિત રહેવું જોઇએ. આપણા ક્રિયાકલાપ પરમાત્માના અનુશાસનોની મર્યાદામાં જ ચાલવા જોઇએ.

મહાપુરુષો પોતાની જાગૃત પ્રતિભા, આત્મ જ્યોતિને ઈશ્વરીય અનુશાસનોને અનુરૂપ જ ચલાવે છે. એમને પરમાત્માની નીકટતાનો અનુભવ સતત થતો રહે છે. શ્રેષ્ઠ ભાવના, શ્રેષ્ઠ વિચાર તથા શ્રેષ્ઠ આચરણ માટે શક્તિ પ્રવાહના રૂપમાં એમને પરમાત્માની અનુકંપા સતત મળતી રહે છે. આપણે પણ આપણી પ્રતિભા ભગવાનને સોંપીને મહાન બની શકીએ છીએ, તેમની કૃપાના પાત્ર બની શકીએ છીએ.

**૧૩-૨ ક્રિયા અને ભાવના:-** આરતી તૈયાર કરો. પ્રતિનિધિ તેને લઇને દેવમંચ પર પહોંચે. જે યાજકો પાસે દીપયજ્ઞની થાળીઓ છે, તેઓ સળગતા દીવાઓ સહિત તેને ઉઠાવીને બઠાં-બેઠાં જ આરતી કરે. નીચે લખ્યા મુજબની ભાવના કરી એક સાથે આરતી બોલવામાં આવે.

-આરતી, પરમાત્માને-અંર્તભાવથી કરવામાં આવેલી પ્રાર્થના છે. હે ઇશ્વર । અમે મહાપુરુષો પાસેથી પ્રેરણા લઇને આપનાં પ્રત્યે સમર્પિત જીવન જીવવાનું શીખીએ. આપના અનુશાસનમાં અમારો શ્રમ, સમય, પ્રભાવ, જ્ઞાન, ધન ખર્ચાય અને ધન્ય બને. અમે પણ મહાપુરુષોની જેમ ઉપર ઉઠીએ અને આપની નીકટતાનો અનુભવ કરતા રહીએ.

ઇશ્વરને સમર્પિત વ્યક્તિત્વો પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરવાના ભાવથી આરતી લેવામાં આવે છે અને તેમાં પોતાનો સહયોગ આપવાની ભાવનાથી અંશદાન ચઢાવવામાં આવે છે. (આરતી દરેક સુધી પહોંચાડવામાં આવે )

## ગાયત્રી માતાની આરતી

જયતિ જય ગાયત્રી માતા । જયતિ જય ગાયત્રી માતા ।
આદિ શક્તિ તુમ અલખ નિરંજન જગ પાલન કરતી ।
દુ:ખ શોક ભય કલેશ કલહ દારિદ્રય દૈન્યં હરતી ।।

બ્રહ્મ રૂપિણી પ્રણત પાલિની, જગત ધાતૃ અંબે ।
ભવ ભય હારી, જનહિત કારી સુખદા જગદંબે ।।

ભય હારિણી, ભવતારિણી અનધે અજ આનંદ રાશી ।
અવિકારી, અઘહરી, અવિચલિત, અમલે અવિનાશી ।।
કામધેનુ સત્ ચિત્ આનદા જય ગંગા ગીતા ।

સવિતા કી શાશ્વતી શક્તિ તુમ સાવિત્રી સીતા ।।
ઋક, યજુ, સામ, અથર્વ પ્રણયિની પ્રણવ મહામહિમે ।
કુંડલિની સહસ્રાર સુષુમ્ણા શોભા ગુણ ગરિમે ।।
સ્વાહા, સ્વધા, શચી, બ્રહ્માણી, રાધા, રુદ્રાણી ।
જય સતરૂપા, વાણી, વિદ્યા, કમલા, કલ્યાણી ।।
જનની હમ હૈં દીન હીન દુઃખ દારિદ્ર કે ઘેરે ।
યદ્યપિ કુટિલ કપટી કપૂત તઉ બાલક હૈં તેરે
સ્નેહ સની કરૂણામય માતા ચરણ શરણ દીજૈ ।
બિલખ રહે હમ શિશુ સુત તેરે દયા દૃષ્ટિ કીજૈ ।।
કામ, ક્રોધ, મદ, લોભ, દંભ, દુર્ભાવ, દ્વેષ હરિયે ।
શુદ્ધ બુદ્ધિ, નિષ્પાપ હૃદય મન કો પવિત્ર કરિયે ।।
તુમ સમર્થ સબ ભાંતિ તારિણી તુષ્ટિ પુષ્ટિ ત્રાતા ।
સત્ મારગ પર હમેં ચલાઓ જો હૈ સખદાતા ।।
જયાત જય ગાયત્રાં માતા । જયતિ જય ગાયત્રી માતા ।

## ૧૪–૦ અમારો યુગ–નિર્માણ–સત્સંકલ્પ

–આપણે ઈશ્વરને સર્વવ્યાપક, ન્યાયકારી માની, તેના અનુશાસનને જીવનમાં ઉતારીશું.

–શરીરને ભગવાનનું મંદિર સમજી, આત્મસંયમ અને નિયમિતતા દ્વારા આરોગ્યનું રક્ષણ કરીશું.

–મનને કુવિચારો અને દુર્ભાવનાઓથી બચાવવા માટ દરરોજ સ્વાધ્યાય તથા સત્સંગ કરતા રહીશું.

–ઈન્દ્રિય સંયમ, અર્થ–સંયમ, સમય–સંયમ અને વિચાર સંયમનો સતત અભ્યાસ કરીશું.

–પોતાને સમાજનું એક અભિન્ન અંગ માનીશું અને સૌના હિતમાં પોતાનું હિત સમજીશું.

–મર્યાદાઓનું પાલન કરીશું, કુટેવોથી દૂર રહીશું, નાગરિક કર્તવ્યોનું પાલન કરીશું અને સમાજ નિષ્ઠ રહીશું.

–સમજદારી, ઇમાનદારી, જવાબદારી અને બહાદુરીને જીવનનું એક અભિન્ન અંગ માનીશું.

–ચોતરફ મધુરતા, સ્વચ્છતા, સાદાઇ અને સજ્જનતાનું વાતાવરણ ઉત્પન્ન કરીશું.

–અનીતિ દ્વારા મળેલી સફળતા કરતાં નીતિના માર્ગે ચાલી, અસફળતાને શિરોધાર્ય કરીશું.

–મનુષ્યના મૂલ્યાંકનની કસોટી, તેની સફળતાઓ, યોગ્યતાઓ તથા વિભૂતિઓને નહિ, તેના સદ્‌વિચારો અને સત્કર્મોને માનીશું.

–જે આપણને પોતાને પસંદ નથી, તેવો વ્યવહાર બીજા સાથે કરીશું નહિ.

–નર–નારીને પવિત્ર દૃષ્ટિથી જોઇશું.

–સંસારમાં સત્પ્રવૃત્તિઓના પુણ્ય–પ્રસાર માટે, પોતાનો સમય, પ્રભાવ, જ્ઞાન, પુરુષાર્થ તથા ધનનો એક ભાગ નિયમિત રૂપથી વાપરતા રહીશું.

–પરંપરાઓની તુલનામાં વિવેકને મહત્ત્વ આપીશું.

–સજ્જનોને સંગઠિત કરવા, અનીતિનો સામનો કરવા તથા નવસર્જનની ગતિવિધિઓમાં રુચિ લઇશું.

–રાષ્ટ્રીય એકતા તથા સમતા પ્રત્યે નિષ્ઠાવાન રહીશું. જાતિ, લિંગ, ભાષા, પ્રાંત, સંપ્રદાય વગેરેના કારણે અંદરોઅંદર કોઇ ભેદભાવ રાખીશું નહિ.

–મનુષ્ય પોતાના ભાગ્યનો ઘડવૈયો પોતે જ છે, આ વિશ્વાસના આધાર પર અમારી માન્યતા છે કે અમે ઉત્કૃષ્ટ બનીશું અને બીજાંને શ્રેષ્ઠ બનાવીશું, તો યુગ અવશ્ય બદલાશે.

–"આપણે બદલાઇશું તો યુગ બદલાશે," આપણે સુધરીશું તો યુગ સુધરશે " આ તથ્ય પર અમને પૂર્ણ વિશ્વાસ છે.

# ૧૫-૦ જય ઘોષ

<u>૧૫-૧ કથનઃ-</u> અંતમાં, જેની કૃપાથી આપણા સૌનું જીવન ચાલી રહ્યું છે, તેની જયજયકાર કરીએ. માતૃભૂમિ પ્રત્યે આપણું કર્તવ્ય યાદ કરીએ. વિશ્વ માનવના કલ્યાણની કામના કરીએ. જે મિશન અમારા-તમારા જીવનને અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જવાનો સતત પ્રયાસ કરી રહ્યું છે, તેના યુગ-નિર્માણકારી સિદ્ધાંતો તથા માન્યતાઓ પ્રત્યે પોતાની નિષ્ઠાને અભિવ્યક્ત કરીએ તથા સફળતા માટે મંગળ કામના કરીએ.

| | |
|---|---|
| -ગાયત્રી માતાની | જય |
| -યજ્ઞ ભગવાનની | જય |
| -વેદ ભગવાનની | જય |
| -ભારતીય સંસ્કૃતિની | જય |
| -ભારત માતા કી | જય |
| -એક બનેંગે | નેક બનેંગે |
| -હમ સુધરેંગે | યુગ સુધરેગા |
| -હમ બદલેંગે | યુગ બદલેગા |
| -જ્ઞાન યજ્ઞ કી જ્યોતિ જલાને | -હમ ઘર-ઘર મેં જાયેંગે |
| -નયા સબેરા નયા ઉજાલા | ઇસ ધરતી પર લાયેંગે |
| -નયા સમાજ બનાયેંગે | નયા જમાના લાયેંગે |
| -જન્મ જહાં પર | હમને પાયા |
| -અન્ન જહાં કા | હમને ખાયા |
| -વસ્ત્ર જહાં કે | હમને પહને |
| -જ્ઞાન જહાં સે | હમને પાયા |
| । હે પ્યારા | દેશ હમારા |
| કી રક્ષા કૌન કરેગા | હમ કરેંગે-હમ કરેંગે |

**–માનવ માત્ર એક સમાન**
**–નર ઔર નારી એક સમાન**
**–જાતિ વંશ સબ એક સમાન**
**–ધર્મ કી જય હો**
**–અધર્મ કા નાશ હો**
**–પ્રાણીઓ મેં સદભાવના હો**
**–વિશ્વ કા કલ્યાણ હો**
**–સાવધાન ! યુગ બદલ રહા હે**
**–સાવધાન ! નયા યુગ આ રહા હે**
**–હમારી યુગ નિર્માણ યોજના**
**–સફલ હો, સફલ હો, સફલ હો.**
**–હમારા યુગ નિર્માણ સત્સંકલ્પ**
**–પૂર્ણ હો, પૂર્ણ હો, પૂર્ણ હો.**
**–વંદે વેદ માતરમ**

## ૧૯–૦ વિસર્જન

જેદિવ્ય શક્તિઓ, દિવ્ય આત્માઓ આ પુણ્ય કાર્યમાં સહયોગ આપવા માટે કૃપાપૂર્વક આવી, એ સૌના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી આપણે તેમને સત્પુરુષોના સત્પ્રયાસોમાં મદદ કરવા માટે ફરીથી પણ પધારશે, એવી આશા સાથે એમને વિસર્જિત કરીએ છીએ.

પૂજા મંચ પર ચોખા નાખતાં–નાખતાં નીચેનો મંત્ર બોલવામાં આવે. બધા યાજકો હાથ જોડીને નમસ્કાર કરે.

**ૐ યાન્તુ દેવગણાઃ સર્વે પૂજામાદાય મામકીમ।**
**ઇષ્ટકામ સમૃધ્યર્થ પુનરાગમનાય ચ॥**

## ૧૭–૦ શાંતિ પાઠ

**૧૭–૧–** દીપયજ્ઞના આ આધ્યાત્મિક પ્રયોગથી જે પ્રેરણા અને અનુદાન પ્રાપ્ત થયાં છે, તે સ્થિર–ફલિત થાય, દરેક પ્રકારનાં પાપોનું શમન થાય,દરેકને શાંતિ મળે આ ભાવના સાથે શાંતિ પાઠ કરવામાં આવે.

જેમને મંત્ર યાદ છે, તેઓ અમારી સાથે સાથે શાંતિ પાઠ કરે. કાર્યકર્તા કળશનું જળ લઈ સૌના પર તેનું સિંચન કરે.

**ૐ દ્યૌઃ શાન્તિરન્તરિક્ષ ૧૭ શાન્તિઃ પૃથિવી શાન્તિરાપઃ શાન્તિરોષધયઃ શાન્તિ વનસ્પતયઃ શાન્તિર્વિશ્વેદેવાઃ શાન્તિઃ શાન્તિર્બ્રહ્મ શાન્તિઃ સર્વ ૧૭ શાન્તિઃ શાન્તિરેવ શાન્તિઃ સા મા શાન્તિરેધિ ૐ વિશ્વાનિ દેવ સવિતર્દુરિતાની પરાસુવ યદભદ્રમ તન્ન આસુવ ૐ શાન્તિઃ ! શાન્તિઃ !! શાન્તિઃ !!!**

✿

મુદ્રક–યુગ નિર્માણ પ્રેસ, યુગ નિર્માણ યોજના, મથુરા